

Romin Interactive, Bhuj | romin.in | +91.98252 27900

# કુદરતી સંસાધનોનું સહભાગીતા દ્વારા વ્યવસ્થાપન

## (ઊંટ ઉછેરક માલધારીઓ, કાનમેર અને બાલાસર વિસ્તાર, રાપર તાલુકો- કચ્છ)








## રજૂઆત અને અભ્યાસકર્તા


sahjeevan

૧૭૫, જલારામ સોસાયટી
ભુજ- કચ્છ

કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન
કચ્છ


## નાણાકીય સહયોગ


ICCO COOPERATION


## અભ્યાસકર્તા ટીમ


ડૉ.પંકજ એન. જોષી, ઇકોલોજીસ્ટ, સહજીવન, ભુજ

મહેન્દ્ર બી. ભાનાણી, સામાજીક કાર્યકર, સહજીવન, ભુજ

યશ બારડ, જી.આઇ.એસ., કે-લીન્ક, ભુજ








# અનુક્રમણીકા


## પ્રકરણ : ૧ પૂર્વભૂમિકા

૧.૧ કચ્છ જીલ્લાનો પશુપાલન વ્યવસાય

૧.૨ ઊંટ ઉછેરક માલધારીઓ

૧.૩ અભ્યાસના મુખ્ય ઉદ્દેશ્યો

૧.૪ અભ્યાસની પદ્ધતિઓ
- ૧.૪.૧ પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ
- ૧.૪.૨ નકશાઓની જૂથ ચર્ચા દ્વારા બનાવટ
- ૧.૪.૩ નકશાઓનુ કોમ્પ્યુટરાઇઝેશન

## પ્રકરણ : ૨ અભ્યાસ વિસ્તાર : રાપર કલસ્ટર

૨.૧ રાપર વિસ્તારના ઊંટ ઉછેરક માલધારીઓ
- ૨.૧.૧ બાલાસર કલસ્ટરના ઊંટ માલધારીઓ
- ૨.૧.૨ કાનમેર કલસ્ટરના ઊંટ માલધારીઓ

૨.૨ ઋતુ પ્રમાણે ચરિયાણ ની માહિતી
- ૨.૨.૧ બાલાસર કલસ્ટરની ઋતુ પ્રમાણે ચરિયાણ ની માહિતી
- ૨.૨.૨ કાનમેર કલસ્ટરની ઋતુ પ્રમાણે ચરિયાણ ની માહિતી

૨.૩ જૈવિક સંશાધનોની મોજણી
- ૨.૩.૧ જંગલી પશુ-પક્ષી અને વનસ્પતિઓ
- ૨.૩.૧.૧ બાલાસર વિસ્તારમાં જંગલી પશુ-પક્ષી અને વનસ્પતિઓ
- ૨.૩.૧.૨ કાનમેર વિસ્તારમાં જંગલી પશુ-પક્ષી અને વનસ્પતિઓ

૨.૩.૨ ચરિયાણમાં પીવાના પાણીની પરિસ્થિતિ
૨.૩.૨.૧ બાલાસર વિસ્તારમાં ચરિયાણમાં પીવાના પાણીની પરિસ્થિતિ
૨.૩.૨.૨ કાનમેર વિસ્તારમાં ચરિયાણમાં પીવાના પાણીની પરિસ્થિતિ

૨.૩.૩ ચરિયાણ વિસ્તારની મોજણી
૨.૩.૩.૧ બાલાસર વિસ્તાર માં ચરિયાણની મોજણી
૨.૩.૩.૨ કાનમેર વિસ્તારમાં ચરિયાણની મોજણી

૨.૪ ચરિયાણ વિસ્તારની મુખ્ય અડચણો કે મુશ્કેલીઓ
૨.૪.૧ પીવાના પાણીને લઇને
૨.૪.૧.૧ બાલાસર વિસ્તારમાં પીવાના પાણીને લઇને
૨.૪.૧.૨ કામનેર વિસ્તારમાં પીવાના પાણીને લઇને

૨.૪.૨ ચરિયાણ વિસ્તારને લઇને
૨.૪.૨.૧ બાલાસર વિસ્તારમાં ચરિયાણ વિસ્તારને લઇને
૨.૪.૨.૨ કામનેર વિસ્તારમાં ચરિયાણ વિસ્તારને
૨.૪.૩ અન્ય

પ્રકરણ: ૩ સહભાગી સંરક્ષણ પ્લાન
૩.૧ બાલાસર કલસ્ટરના તમામ ઊંટો માટે પીવાના પાણીનું ભાવી આયોજન
૩.૧ બાલાસર કલસ્ટરના તમામ ઊંટો માટે ચરિયાણ વિસ્તારનું ભાવી આયોજન
૩.૩ કાનમેર કલસ્ટરના તમામ ઊંટો માટે પીવાના પાણીનું ભાવી આયોજન
૩.૪ કાનમેર કલસ્ટરના તમામ ઊંટો માટે ચરિયાણ વિસ્તારનું ભાવી આયોજન

# પ્રકરણ: ૧ પૂર્વભૂમિકા

આ સહભાગી સંશોધનાત્મક અહેવાલ બનાવવા માટે ઈકકો, નેધરલેન્ડ અને ગુજરાત સરકારના પશુપાલન વિભાગની મદદ દ્વારા મોરગર કલસ્ટરના ઊંટ ઉછેરક માલધારીઓની કુદરતી સંશાધનોની આધારિતતાનું અને સહભાગી વ્યવસ્થાપનનું વર્ણન કરવામાં આવ્યુ. આ અહેવાલનું નિર્માણ કાર્ય આ કલસ્ટરના માલધારીઓ સાથે રહીને ઊંડાણથી જુથ ચર્ચા વિચારણા, સંશાધનોની મોજણી અને અન્ય સરકારી કે બીન સરકારી વિભાગોના આંકડાકિય માહિતીના પુથ્થકરણ દ્વારા કરવામાં આવ્યુ છે.

## ૧.૧ કચ્છ જીલ્લાનો પશુપાલન વ્યવસાય

આપણે જાણીએ છીએ તેમ, આપણા દેશના સુકા અને અર્ધ સુકા વિસ્તાર માટે પશુપાલન વ્યવસાય એ આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે. કચ્છ જીલ્લામાં જુદા-જુદા વિસ્તારનો પશુપાલન વ્યવસાય મુખ્યત્વે ત્રણ રીતે વર્ગીકૃત થઇ શકે છે. જેમકે, ખુલ્લા ચરિયાણ આધારિત પશુપાલન વ્યવસાય, વરસાદ નિર્ભર ખેતી ઉપર આધારિત પશુપાલન વ્યવસાય અને સિંચીત ખેતી ઉપર આધારિત પશુપાલન વ્યવસાય. આ તમામમાં જો કે કચ્છ જીલ્લામાં, ખુલ્લા ચરિયાણ પર આશ્રિત પશુપાલન વ્યવસાય અહીના કુદરતી સંશાધનોના બહોળા ફેલાવાના કારણે ખુબજ ફુલયો ફાલયો છે. જેમાં મોટા અને નાના પશુઓને પરંપરાગત રહેઠાણમાં રાખીને જુદી-જુદી ગૌચર જમીનો, ઘાસીયા જમીનો અને જંગલ વિસ્તારની જમીનો ઉપર નિર્ભર છે. કચ્છ જીલ્લાની ઉતરે આવેલ બન્ની ઘાસીયાભુમિ અને પશ્ચિમમાં આવેલ નલીયાના ઘાસીયાભુમિ ભેસો અને ગાયો માટેનું મુખ્ય ચરિયાણ છે. જયારે ભુજની મુખ્ય ડુંગરાળ હરોળ વાગડ વિસ્તારનો ખડીર બેટ અને અન્ય તમામ ઉબડ-ખાબડ જંગલ વિસ્તારોમાં ઘેટા અને બકરા તથા ઊંટ ઉછેરકો ચરિયાણ માટે સમગ્ર વર્ષ દરમ્યાન આશ્રિત હોય છે. વધુમાં, કચ્છ જીલ્લાના ખારાંશ વિસ્તારો કે જે મુખ્યત્વે દરિયાકાંઠે અને કચ્છના નાના અને મોટા રણની આસ-પાસ આવેલા છે, ત્યાંના કુદરતી સંશાધનો ઉપર પણ ઊંટ માલધારીઓ તેમની આજીવિકાને લઇને સંકળાયેલા છે. જયારે કચ્છ જીલ્લાના ખારાઇ ઊંટ ઓલાદ સાથે સંકળાયેલ માલધારીઓ વર્ષના પથીદ્ મહિના માટે જુદી-જુદી ખાડી વિસ્તાર અને દરિયા સીમાડે આવેલા ચેરીયાના જંગલો પર આશ્રીત છે.

ઉપરોકત તમામ પશુઉછેરક માલધારીઓમાં ઘેટા, બકરા અને ઊંટ ઉછેરકોમાં મુખ્યત્વે રબારી, ભરવાડ અને ચારણ સમુદાયના જયારે, સીધી પશુ ઉછેરકોમાં, જેમકે જત, હાલેપોત્રા, મુતવા, હિગોરજા, વગેરે બન્ની ભેંસો અને કાકરેજ ઓલાદ સાથે સંકળાયેલ સમુદાયો છે.

## ૧.૨ ઊંટ ઉછેરક માલધારીઓ

કચ્છ જીલ્લાના સુકા અને અર્ધ:સુકા વિસ્તાર માટે ઊંટ પશુપાલન વ્યવસાય ખુબજ અગત્યનો વ્યવસાય છે. કચ્છમાં ઊંટની મુખ્ય બે ઓલાદો- કચ્છી અને ખારાઇ ઊંટ આવેલ છે. આ બન્ને ઓલાદોનું ચરિયાણ ક્ષેત્ર, સમગ્ર કચ્છ જીલ્લાના પરિસરતંત્ર અને દરિયાઇ ચેરીયા ઉપર આશ્રીત છે. નર ઊંટનો મુખ્ય ઉપયોગ સામાન વહન માટે અને માદા ઊંટનો ઉપયોગ દુધ ઉત્પાદન માટે કરવામાં આવે છે. કચ્છમાં બન્ને ઓલાદોની દેખ-રેખ પરંપરાગત વ્યવસાય તરીકે રબારી, જત, સમા સમુદાયના માલધારીઓ કરી રહયા છે. કચ્છ જીલ્લામાં આશરે ત્રણસો-પચાસ જેટલા કુંટુંબો ઊંટ ઉછેરક વ્યવસાય સાથે સંકળાયેલા છે. લગભગ ૫૦ જેટલા કુંટુંબો ઘણા વર્ષો પહેલા ચરિયાણની શોધમાં ભરૂચ જીલ્લાના અલીયાબેટ ઉપર પણ સ્થાળાતરીત થઇ ગયા છે. ઊંટો મુખ્યત્વે જુદા-જુદા ગૌચર અને જંગલ વિસ્તારમાંના ચરિયાણમાં જુદા-જુદા ઝાડ, ઝાડવાઓ અને લતાઓ ઉપર આશ્રિત છે. વિશેષમાં, કચ્છ જીલ્લાના સંરક્ષિત જંગલોમાં, કચ્છ રણ વન્યપ્રાણી અભ્યારણ, છારી ઢંઢ જળપ્લાવિત સંરક્ષણવિસ્તાર, ઘુડખર અભ્યારણ, ઘોરાડ અભ્યારણ અને નારાયણ સરોવર અભ્યારણનો સમાવેશ થાય છે. જોકે, હાલમાં કચ્છ જીલ્લામાં થઇ રહેલ ઔધોગિકરણ, ખેતીવાડી માટેનું ગૌચર કે જંગલોમાં અતિક્રમણ અને જંગલ વિસ્તારના વન્યપ્રાણીઓ માટેનું સંરક્ષણ વગેરેને લીધે કચ્છના ઊંટ ઉછેરકોનો પરંપરાગત ચરિયાણનો વિસ્તાર અને ઋતુ આધારિત વિસ્તારમાં ખલેલ થયેલ છે. વધુમાં, ઊંટની ખારાઇ ઓલાદ કે- જે મુખ્યત્વે દરિયા કિનારાના તાલુકાઓમાં મુન્દ્રા, અબડાસા, લખપત અને ભચાઉમાં આવેલા ચેરીયા જંગલ વિસ્તાર ઉપર આશ્રિત છે.



ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા સહજીવન સંસ્થાને વર્ષ- ૨૦૦૯માં, કેન્દ્ર દ્વારા પુરસ્કુત યોજના દુલર્ભ ઓલાદના સંરક્ષણ માટે કચ્છ જીલ્લાના ઊંટ ઉછેરક માલધારીઓના સંગઠન માટે યોજનાની ફાળવણી કરતા વર્ષ- ૨૦૧૧માં, કચ્છ જીલ્લામાં ઊંટ ઉછેરક માલધારીઓ દ્વારા સોસાયટી અને ટ્રસ્ટ એકટ હેઠળ "કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન" ની સ્થાપના કરવામાં આવી, જે સંગઠનના મુખ્ય ઉદેશ્યોમાં-

૧. ઊંટ ઉછેરક માલધારીઓના વંશ પરંપરાગત ચરિયાણ વિસ્તારોનું સંરક્ષણ અને પુન: સ્થાપન કરવું.
૨. ઊંટના દુધ અને અન્ય ઉત્પાદનથી વ્યાપારીકરણનું જોડાણ પ્રસ્થાપિત કરવું.
૩. ખારાઇ ઓલાદ માટે નવી ઓલાદ માટેનું રજીસ્ટ્રેશન કરાવીને માન્યતા અપાવવી.
૪. બન્ને ઓલાદ માટે સંરક્ષણ અને આયોજન બધ્ધ વિકાસ કરવો.
૫. ઊંટ ઉછેરક માલધારીઓની માલધારિયત જીવનશૈલી ઉપર પ્રકાશ પાડીને આજીવિકાને મજબુતી કરણ કરવી.

## ૧.૩ અભ્યાસના મુખ્ય ઉદેશ્યો

કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન અને તમામ માલધારીઓ સાથે જુદા-જુદા સમયે થયેલ ચર્ચા-વિચારણાના અંતે સમગ્ર કચ્છ જીલ્લામાં જુદા-જુદા ૧૩ પ્રકારના ચરિયાણ વિસ્તાર કે કલસ્ટર આવેલા છે. માલધારીઓ દ્વારા એવુ પણ જણાવવામાં આવ્યુ છે કે, છેલ્લા અમુક દશકાઓથી ઊંટનાં ચરિયાણ વિસ્તારોમાં અને પીવાના સ્ત્રોતોમાં થઇ રહેલું એકધારુ ગાંડાબાવળ દ્વારા અતિક્રમણ તથા સ્થાનિક વૃક્ષની જાતોમાંથી બનાવવામાં આવતા કોલસાના લીધે પણ ચરિયાણ ક્ષેત્રમાં મુશ્કેલી ઊભી થઇ રહી છે.

ઉપરોકત તમામ હકિકતોને ઘ્યાનનમાં લઇને માલધારીઓને સાથે રાખીને આભ્યાસના લાંબાગાળાના નીચે મુજબના ઉદેશ્યોને નકકી કરવામાં આવ્યા-

૧. જુદા-જુદા કલસ્ટર આધારિત ઊંટ ઉછેરકોના સ્થાનિક કુદરતી સંશાધનોની સાથે ચરિયાણ વિસ્તારની માહિતીનું પુથ્થકરણ કરવુ,

૨. જુદા-જુદા કલસ્ટર આધારિત સ્થાનિક પર્યાવરણીય સ્ત્રોતો અને સામાજીક માહિતીનું પુથ્થકરણ કરવુ, અને
૩. જુદા-જુદા કલસ્ટર આધારિત સરકારી કે બીન સરકારી વિભાગો દ્વારા પ્રકાશીત થયેલ તમામ માહિતીનો ઉપયોગ કરીને, સહભાગી સંરક્ષણ અને વ્યવસ્થાપન  પ્લાન બનાવવો

## ૧.૪ અભ્યાસની પદ્ધતિઓ

### ૧.૪.૧ પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ

જુદા જુદા કલસ્ટરના વિવિધ ચરિયાણ અને આસ-પાસના વિસ્તારની માહિતિ લેવામાં આવી. ત્યાર બાદ અભ્યાસ વિસ્તારની સમજણ મેળવી, અલગ અલગ કલસ્ટરની મુલાકાત પણ કરવામાં આવી. જેમાં ઋતુ પ્રમાણે ચરિયાણ વિસ્તારોની માહિતી મેળવવામાં આવી. માલધારીઓએ જણાવેલા ચરિયાણ વિસ્તારોની ગુગલ મેપના આધારે નકશાઓ, કે-લીન્ક સંસ્થાના સહયોગથી બનાવવામાં આવ્યા. નકશાઓના માધ્યમથી માલધારીઓ પાસેથી વિસ્તારની ઋતુ આધારિત માહિતી મેળવવામાં આવી. આ ઉપરાંત, જે-તે કલસ્ટર વિસ્તારના સ્થાનિક માલધારી સમુદાયોની સામાજીક, આર્થિક અને પશુઓની સંખ્યાની પણ માહિતી એકઠી કરવામાં આવી.

### ૧.૪.૨ જૂથ ચર્ચા દ્વારા નકશાઓની બનાવટ.

માલધારીઓની વ્યકિતગત મુલાકાત કરી, એમના ચરિયાણ વિસ્તાર અંગે ઊંડાણથી જાણકારી મેળવવામાં આવી. માલધારીઓ ઋતુ પ્રમાણે કયાં ચરિયાણ વિસ્તારમાં સ્થળાંતર કરે છે તે પ્રમાણે કે-લીન્ક સાથે સંકલન કરી નકશાઓ બનાવવામાં આવ્યા. જેથી માલધારીઓ પાસેથી સચોટ માહિતી મેળવી શકાય અને એનો ઉપયોગ ભવિષ્યમાં લાંબા ગાળાના ટકાઉ આયોજનમાં કરી શકાય.







માલધારીઓ સાથે વ્યકિતગત મુલાકાત બાદ સમગ્ર કલસ્ટરની માહિતી જૂથચર્ચાઓ દ્વારા નકશાઓના માધ્યમથી મેળવવામાં આવી. ચરિયાણ વિસ્તાર તેમજ અન્ય જૈવિક વિવિધતાની માહિતી પણ મેળવવામાં આવી. આમ, નકશાઓના માધ્યમથી માલધારીઓ સાથે ચર્ચા વિચારણા, કરી જે-તે કલસ્ટરની વિવિધ માહિતી જેવી કે, કુદરતી સંસાધનોનો ફેલાવો, ચરિયાણ વિસ્તારના પરંપરાગત સ્થાનિક નામો, ચરિયાણના સ્ત્રોતો અને માલધારીયતતા અંગેની માહિતી પણ મેળવવામાં આવી.

### ૧.૪.3 નકશાઓનું કોમ્પ્યુટરાઈઝેશન

જૂથચર્ચાઓ બાદ તૈયાર કરાયેલ જે-તે કલસ્ટરના નકશાઓનું કે-લીન્કની ટીમ દ્વારા અંક્ષાશ-રેખાશંવૃત્તની સાથે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું. જે નકશાઓમાં સ્થાનિક માલધારીઓ દ્વારા દર્શાવેલ પરંપરાગત ચરિયાણ વિસ્તારની માહિતિ સાથે તેઓ દ્વારા સૂચવાયેલ ચરિયાણ વિસ્તારના પુન:સ્થાપન તથા પાણીના સંસાધનોના વ્યવસ્થાપનની સચોટ માહિતી દર્શાવવામાં આવી.



વધુમાં, આ જ નકશાઓમાં જે-તે કલસ્ટરના આસપાસના અન્ય પરિસરતંત્રો જેવાકે, જંગલ વિસ્તાર, ખેતીવાડી વિસ્તાર, રહેણાક વિસ્તાર, જુદા-જુદા ગામ કે પંચાયતોનો વિસ્તાર વગેરેની પણ માહિતી કે-લીન્ક દ્વારા નકશા પર દર્શાવવામાં આવી. જે-તે સ્થાનિક ચરિયાણ ક્ષેત્રની મુલાકાત દ્વારા નકશાઓની ખરાઇ પણ કરવામાં આવી. આ જ નકશામાં, ઉપરોક્ત પરિસરતંત્રોમાં જૈવિક વિવિધતાની હાજરીની નોંધ સહજીવનની પર્યાવરણ ટીમ દ્વારા એકઠી કરવામાં આવી. આ ઉપરાંત, જે-તે કલસ્ટર અને આસપાસના પરિસરતંત્ર પર થયેલા જુદા-જુદા સંશોધનના અહેવાલોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો.







# પ્રકરણ : ૨ અભ્યાસ વિસ્તાર : રાપર કલસ્ટર

## ૨.૧ રાપર વિસ્તારના ઊંટ ઉછેરક માલધારીઓ

રાપર કલસ્ટરમાં બાલાસર અને કાનમેર વિસ્તારના ઊંટ માલધારીઓના ચરિયાણ વિસ્તારનો સમાવેશ થાય છે. બાલાસર કલસ્ટરમાં બેલા, હનુમાનવાંઢ, મોવાણા, જાટાવાડા, વ્રજવાણી, કુડા, અને નાગપુરના માલધારીઓનો સમાવેશ થાય છે અને કાનમેર કલસ્ટરમાં કાનમેર અને કીડીયાનગરના ઊંટ માલધારીઓનો સમાવેશ થાય છે. બાલાસર કલસ્ટરમાં ડુંગરાળ અને ખેતીવાડીના વિસ્તારનો વધારે પ્રમાણમાં ચરિયાણ વિસ્તારમાં ઉપયોગ કરે છે. ચોમાસાંમાં જાટાવાડાનો છપ્પરીયો, બેલાનો નીલવો અને ખડીરના પહાડી વિસ્તારોમાં ઊંટનો ચરિયાણ વિસ્તાર આવેલો છે.

રાપર કલસ્ટરના ખડીર વિસ્તારમાં આશેર ૭૮૦ ઊંટોનો ચરિયાણ વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં બાલાસર ઉપરાંત, સણોસરાના ઊંટ માલધારીઓ આશરે ૩૫૦થી વધારે ઊંટો સાથે શિયાળા દરમ્યાન ચરિયાણ માટે ખડીરના ડુંગરાળ વિસ્તારના ચરિયાણક્ષેત્રો પર આધારિત હોય છે.

### ૨.૧.૧ બાલાસર વિસ્તારના ઊંટ ઉછેરક માલધારીઓ

બાલાસર કલસ્ટરમાં કુલ ૧૦ માલધારીઓના આશરે ૫૧૦ જેટલા ઊંટ આ વિસ્તારના કુદરતી સંસાધનો ઉપર પોતાના ઊંટ ઉછેરક વ્યવસાય ઉપર આધારિત છે. જેનો બાલાસર ઉપરાંત સણોસરા કલસ્ટરના માલધારીઓ પણ ઉપયોગ કરે છે.



વધુમાં બાલાસર વિસ્તારમાં ધાર્મિક ભાવનાના કારણે પણ ઊંટને મહત્વ માનવામાં આવે છે. જેમાં વ્રજવાણી અને બેલાના મંદિરો હસ્તક ઊંટો છે. આ ઊંટળીના દુધ તેમજ ઊંટોનો વેચાણ ન થતું હોવાથી આ ઊંટોનુ. આજે પણ સંરક્ષણ મળેલ છે. આમ અહીના ઊંટો માલધારીઓ સાથે ધામિક ભાવનાઓ પણ જોડાયેલ છે.

## ૨.૧.૨ કાનમેર વિસ્તારના ઊંટ ઉછેરક માલધારીઓ

કાનમેર કલસ્ટરમાં કુલ ૮ માલધારીઓ, આશરે ૪૭૦ જેટલા ઊંટે આ વિસ્તારના કુદરતી સંસાધનો ઉપર આધારિત છે. જેમાં ચોમાસાના ચાર માસ માટે ડુંગર આસપાસનો વિસ્તાર જેવા કે, બજારીયો ડુંગર, ગોવા ડુંગર, ગોણસીમનો ડુંગરાળ વિસ્તાર અને કાનમેરના ધાર વિસ્તાર પર આધારિત હોય છે.

## ૨.૨ ઋતુ પ્રમાણે ચરિયાણની માહિતી

રાપર કલસ્ટરના બાલાસર અને કાનમેર સબ કલસ્ટરના માલધારીઓ આસપાસના ગામ વિસ્તારના ખેતીવાડી વિસ્તાર પર આધારિત છે જેમાં, શિયાળા અને ઉનાળામાં ખેતીવાડીના શેઢાઓ અને ચોમાસામાં ડુંગરોના ઊંચાણવાળા વિસ્તારો પર આધારિત હોય છે. આ કલસ્ટરમાં સુવઇ, રામવાવ, રવ અને કંથકોટના ૩૦૦થી વધારે ઊંટો મુખ્યત્વે પોતાના ગામની સીમ, ગૌચર જમીન પર આધારિત હોય છે. ઉપરોકત ૨૪ કુંટુંબોના આશરે ૧૧૬૫ ઊંટો જુદી-જુદી ઋતુમાં રાપર વિસ્તાર તેમજ જુદા-જુદા ગામની ગૌચર જમીનો, જુદા-જુદા જંગલોની જમીનો ઉપર ચરિયાણ માટે આશ્રિત છે. જેમાં મુખ્ય ચરિયાણ ખેતીવાડી વિસ્તાર પર આધારિત છે. ચોમાસાના ચાર માસ માટે બાલાસર તેમજ કાનમેરના ઊંટો ડુંગર વિસ્તાર પર આધારિત હોય છે. રવ, રામવાવ, સુવઇ અને કંથકોટના માલધારીઓ બારે માસ પોતાના ગામની સીમ અને આસ-પાસના ગામની સીમ પર આધારિત હોય છે.



## ૨.૨.૧ બાલાસર વિસ્તારની ઋતુ પ્રમાણે ચરિયાણની માહિતી

બાલાસરના ૧૬ કુટુંબોના આશરે ૪૯૫ ઊંટો જુદી-જુદી ઋતુમાં બાલાસર વિસ્તાર તેમજ જુદા-જુદા ગામની ગૌચર જમીનો, જુદા-જુદા જગલોની જમીનો ઉપર ચરિયાણ માટે આશ્રિત છે. બાલાસરના માલધારીઓના જણાવ્યા પ્રમાણે તેઓના ઊંટોનું ચરિયાણક્ષેત્ર શિયાળા અને ઉનાળાની ઋતુમાં બાલાસર, જાટાવાડા, લોદ્રાણી, વ્રજવાણી અને બેલાના આસપાસનો ખેતીવાડી વિસ્તાર તેમજ ચોમાસામાં નીલવા ડુંગર અને આસપાસની સીમ, તેમજ શુકના સીમ પર આધારિત હોય છે. ચોમાસાંમાં ઓછો વરસાદ હોય તો ખડીર ડુંગર, છપ્પરીયા ડુંગર, જનાણનો ડુંગર, ધોળાવીરા ડુંગર, અમરાપર અને જાટાવાડાના ડુંગર વિસ્તારમાં ચરિયાણ ક્ષેત્રો પર આધારિત હોય છે.

## ૨.૨.૨ કાનમેર વિસ્તારની ઋતુ પ્રમાણે ચરિયાણની માહિતી

કાનમેર કલસ્ટરના ૬ કુંટુંબોના આશરે ૪૭૦ ઊંટો જુદી-જુદી ઋતુમાં કાનમેર અને કીડીયાનગરની ગૌચર જમીનો, જુદા-જુદા જંગલોની જમીનો ઉપર ચરિયાણ માટે આશ્રિત છે. કીડીયાનગર ના માલધારીઓ શિયાળા અને ઉનાળામાં કિડયાનગર, સુવઇ, ભીમાસર, ચિત્રોડ, અમરાપર, અને આધોઇ સીમ વિસ્તાર પર આધારિત હોય છે. ચોમાસામાં લખપત અને અબડાસા તાલુકાના ડુંગરાળ વિસ્તારો, માતાના મઢ, રવાપર, દયાપરના વિસ્તારો, કાનમેરનો ગોવા ડુંગર અને ગોણસીમમાં પોતાના ઊંટો ચરીયાણ માટે લઇ જાય છે.

## ૨.૩ જૈવિક સંસાધનોની મોજણી

રાપર કલસ્ટરના માલધારીઓ સાથે થયેલી જૂથચર્ચા દરમ્યાન ઉપરોકત ઋતુ આધારિત ચરિયાણ ક્ષેત્રો સાથે દરેક ચરિયાણ ક્ષેત્રમાંઆવેલ કુદરતી સંશાધનોની ચૌકસાઇપૂર્વકની માહિતી પણ એકઠી કરવામાં આવી. તેઓના જણાવ્યા પ્રમાણે ઉનાળાની ઋતુમાં જયારે પાણીની મુશ્કેલી હોય, ત્યારે મોટા ભાગે ગામના તળાવો અને અવાડાઓના પાણી પર આધારિત હોય છે. આસપાસના ગામની ગૌચર જમીન તેમજ ખેતી વાડીના શેઢાઓના મુખ્ય ચરિયાણ વિસ્તાર ઉપર આશ્રિત હોય છે.

### ૨.૩.૧ બાલાસર વિસ્તારના જૈવિક સંશાધનોની મોજણી.

બાલાસર વિસ્તારના માલધારીઓના જણાવ્યા અનુસાર બાલાસરના ઊંટોનો મુખ્યચરિયાણ વિસ્તાર ખેતીવાડી વિસ્તારના શેઢાઓ ઉપર આશ્રિત હોય છે. ઉનાળામાં જયારે પાણીની મુશ્કેલી હોય, ત્યારે મોટા ભાગે ગામની ગૌચર જમીન તેમજબેલાસીમ, ધ્રબડાસીમ, વ્રજવાણીસીમ, હનુમાનવાંઢ, જાટાવાડા સીમ અને ખડીર વિસ્તારએમુખ્ય ચરિયાણ વિસ્તારમાં પોતાના ઊંટો લઇ જાય છે.

### ૨.૩.૨ કાનમેર વિસ્તારના જૈવિક સંશાધનોની મોજણી

આ વિસ્તારના માલધારીઓ સાથે થયેલી જૂથચર્ચા દરમ્યાન ઉપરોકત ઋતુ આધારિત ચરિયાણ ક્ષેત્રો સાથે દરેક ચરિયાણ ક્ષેત્રમાં આવેલ કુદરતી સંશાધનોની ચૌકસાઇપૂર્વકની માહિતી પણ એકઠી કરવામાં આવી. તેઓના જણાવ્યા પ્રમાણે કીડીયાનગરના ઊંટો ખેતીવાડીના વિસ્તાર પર આધારિત હોય છે. જયારે કાનમેરના ૨૨૦ ઊંટો શિયાળા અને ઉનાળામાંકાનમેરના ડુંગરોની ધાર,મરડક ડુંગર, ભંગારીયો, રતાડીયો, કેસવારો, હાઢબેટ, ગોણસીમ અને ઘુડખર અભયારણ્યના રણ વિસ્તાર પર આધારિત છે. ચોમાસામાં ગોવા ડુંગર અને ગોણસીમ પર આધારિત છે.



### ૨.૩.૩ રાપર કલસ્ટરમાં થતી વનસ્પતિઓ

આ કલસ્ટરના જૈવિક વિવિધતા સર્વે દરમ્યાન અલગ-અલગ પ્રકારની વનસ્પતિ અને ઘાસની જાતોની જાણકારી મેળવેલી જે નીચે પ્રમાણે છે:

<u>વનસ્પતિ:</u> ખારી જાર, મીઠી જાર, ખેજડો, કુંભટ, દેશી બાવળ, અરણી, વીંકો, બોરડી, ગાગેટી, સગેતરો, ગુગળ અને વેગરે વનસ્પતિઓ થાય છે.





<u>ઘાસ:</u> પીયાળી, ભટર, ધામણ, ડાબરીયુ ઘાસ, ઉઇન, લાસરીયુ, ભીભડો( સ્પેરો બુલશ ) અને ધ્રાટ ( ઈલ્યુશી )

<u>વેલા:</u> લોરીયા વેલ





નોંધ: વરસાદ બાદ મીઠી થઇ જતી હોવાથી ઊંટો વધારે પ્રમાણમાં અરણી ખાય છે.

**માલધારીઓ પરંપરાગત જ્ઞાન દ્વારા ઉપયોગ**

| રોગ | વનસ્પતિનું નામ | ઉપયોગી ભાગ | બનાવવાની રીત |
|---|---|---|---|
| ખાજી | ખારી જાર | સમગ્ર વનસ્પતિ | ખારી જારનો કોલસો બનાવી તેને વાટીને લેપ બનાવી લગાવવું, બેદિવસ બાદ સરસીયુ તેલ લગાવવાથી ખાજી મટે છે. |
| ફીટોડો | આકડો | પાન | આકડાના પાને ગરમ કરી રસ કાઢી એ પીવડાવવાથી ફીટોડો મટે છે. |

## ૨.૩.૪ રાપર કલસ્ટરમાંજંગલી પશુ-પક્ષીઓ:

રાપર કલસ્ટરમાં નીચે પ્રમાણેના પક્ષીઓ અને પ્રાણીઓ જોવા મળે છે. અહી ખેતરોમાંમીઠી જાર અને દેશી બાવળ, બોરડી વગેરે પર પક્ષીઓ વધારે પ્રમાણ જોવા મળે છે. જયારે ડુંગર વિસ્તારમાંજંગલી સસલો, શિયાળ, ચિકારા, નીલગાય, જંગલી બિલાડા, લોકડી, નોળીયા, ઝરખ વગેરે જોવા મળે છે.











### પક્ષીઓ:

બટાવડા, કાબરોપીઘો, લાંબીપૂછ લટોરો, મટીયોલટોરો, જળમુગો, નાની મુરગાબી, ગજફા,પહલવાનચકલી, દેશી ચકલી, કાગડો, તેતર, રામ ચકલી, ગુલાબી પેણ, નાના કાજીયા, રણપીતો, લરજી, બપયો, કબુતર, કાળા કઢીલો પોપટ, ચડુલ, દીવાડીઘોડા, હોલા, મોર,ઢેલ, લીલો પતરંગો, કુંજડા, ફળકકુકતી, સિપાહી બુલબુલ, ટીટોડી, ટીડલીયાડી બતક, મેના, વૈયા વગેરે પક્ષીઓ જોવા મળે છે.









### જાનવરો:

જંગલી સસલો, શિયાળ, ચિકારા, નીલગાય, જંગલી બિલાડા, લોકડી, નોળીયા, ઝરખ, નાર, શેઢાળી, શિકારૂ વગેર જંગલી જાનવરો જોવા મળે છે.

## ૨.૩.૫ રાપર કલસ્ટરમાં પીવાના પાણીની પરિસ્થિતિ

રાપર કલસ્ટરમાં ઊંટો મુખ્યત્વે તળાવો પર આધારિત હોય છે. જેમાં ગામ તળાવો અને સીમ વિસ્તારના તળાવોનો સમાવેશ થાય છે. પાણી માટે બાલાસર અને કાનમેર સબ કલસ્ટરના માલધારીઓને ઊનાળામાં સમસ્યા રહે છે. તે દરમ્યાન ગામના અવાડાનો પણ ઉપયોગ કરતા હોય છે.







## ૨.૩.૫.૧ બાલાસર કલસ્ટરમાં પીવાના પાણીની પરિસ્થિતિ

બાલાસર કલસ્ટરના માલધારીઓના જણાવ્યા પ્રમાણે હનુમાનવાંઢ અને બેલાના પાણીના મુખ્ય સ્ત્રોત હનુમાનવાંઢનો તળાવ, જાટાવાડા તળાવ, બાલાસર તળાવ, વ્રજવાણી તળાવ છે. ઉપરાંત ઉનાળામાં કુદરતીસ્ત્રોતોનું જેવાકે, નાની તલાવડીઓ, ખેતતલાવડીઓઅને ગામના અવાડાનો પણ ઉપયોગ કરે છે. બાલાસરના ઊંટ માલધારીઓ પીરોમધામ, ગોગા મહારાજ, પાવડીયારા, બેટો તળાવ અને ગામ તળાવોનો ઉપયોગ કરે છે.



## ૨.૩.૫.૨ કાનમેર કલસ્ટરમાં પીવાના પાણીની પરિસ્થિતિ

કાનમેર કલસ્ટરના ઊંટો માટે શિયાળા અને ઉનાળામાં પાણીનો મુખ્ય સ્ત્રોત ગોણ ડુંગર પર આવેલું ગોણ તળાવ છે. ઉપરાંત સરકાર દ્વારા ઘુડખર માટે બનાવાયેલા અવાડાઓ, તળાવો અને તલાવડીઓના પાણીનો પીવામાં ઉપયોગ કરે છે.

## ૨.૪ ચરિયાણ વિસ્તારની મોજણી

રાપર કલસ્ટરના માલધારીઓ સાથે થયેલી જૂથચર્ચા દરમ્યાન ઉપરોકત ઋતુ આધારિત ચરિયાણ ક્ષેત્રો સાથે દરેક ચરિયાણ ક્ષેત્રમાં આવેલાં કુદરતી સંસાધનોની ચૌકસાઇ પુર્વકની માહિતિ મેળવવામાં આવી, તેમના જણાવ્યા પ્રમાણે ચોમાસા બાદ ખેતરોમાં વાવણી કરેલ હોવાથી ઊંટોના ચરિયાણમાં સમસ્યાઓ રહે છે. કેમ કે, મોટા ભાગે ખેતરોના શેઢાઓ પર આધારિત હોય છે. ચોમાસા માં નીલવા ડુંગર વિસ્તારના આસપાસની સીમ, શુકનાસીમ મુખ્ય ચરીયાણ વિસ્તાર પર આધારિત છે. ચોમાસા માં ઓછો વરસાદ હોય તો ખડીર ડુંગર,છપ્પરીયા ડુંગર,જનાણનો ડુંગર, ધોળાવીરા ડુંગર, અમરાપર અને જાટાવાડા ના ડુંગરાન ચરિયાણ વિસ્તારમાં ઊંટો લઈ આવે છે.








## ૨.૪.૧ બાલાસર વિસ્તારમાં ચરિયાણ વિસ્તારની મોજણી

બાલાસર વિસ્તારના ઊંટ માલધારીઓનો મુખ્ય આઠ માસનો ચરીયાણ વિસ્તાર બેલા, બાલાસર, લોદ્રાણી અને વ્રજવાણીના ખેતીવાડી વિસ્તારના શેઠાઓ પર આધારિત છે, ચોમાસામાં ડુંગરાળ વિસ્તાર જેવા કે, નીલવોડુંગર, જનાણના ડુંગરો અને ખડીર વિસ્તારએ ચરિયાણના મુખ્ય વિસ્તારો પર આધારિત હોય છે.

## ૨.૪.૨ કાનમેર વિસ્તારમાં ચરિયાણ વિસ્તારની મોજણી

કાનમેર વિસ્તારના ઊંટ પાલકોનો મુખ્ય ચરીયાણ વિસ્તાર ગોણસીમ છે, ઉપરાંત ગોવા ડુંગર વિસ્તાર, છપ્પર સીમ, કમુવારી ખારી, પાબુ ટીમ્બાનો ખારો, મરડક ડુંગર, ભંગારીયો, રતાડીયુ, કાસવારો બેટ, અને હાઢ બેટ એ મુખ્ય ચરીયાણ વિસ્તારો છે.




## ૨.૫ ચરિયાણ વિસ્તારની મુખ્ય અડચણો કે મુશ્કેલીઓ

## ૨.૫.૧ બાલાસર વિસ્તારમાં ચરિયાણની મુખ્ય અડચણો

બાલાસર કલસ્ટર પર આધારિત માલધારીઓના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં ઊંટ ના ચરિયાણ ખેતરોના શેઠાઓ પર આધારિત હોય છે. ખેતીવાડીના શેઠાઓમાં મીઠીજાર સારા પ્રમાણમાં હોય છે. વન વિભાગ દ્વારા નીલવા ડુંગર વિસ્તારમાં નર્સરીઓ બનાવીપ્લાન્ટેશન થયેલ હોવાથી ઊંટ માલધારીઓને આ વિસ્તારમાં ચરિયાણ કરવાની મનાઇ કરવામાં આવે છે. જેના કારણે, ચોમાસા ની ઋતુ દરમ્યાન નીલવા ડુંગર વિસ્તારમાંવન વિભાગ સાથે ઊંટ માલધારીઓના સઘર્ષ થતા હોય છે છતા, ઊંટ માલધારીઓ નીલવા ડુંગરની આસ-પાસના વિસ્તારોમાં ચરિયાણ કરે છે.



### ગૌચર જમીન પર દબાણ :

બાલાસર વિસ્તારના ઊંટ માલધારીઓના જણાવ્યા પ્રમાણેબાલાસરમાં આશરે ૭૦૦ એકર ગૌચરજમીનમાં દબાણ થયેલ છે.આ જમીનમાં એક સમયે ગુદી, કિન્દુરી, ગૌરડ, હરમા,ગુગીરણી, ખારાજાર, મીઠીજાર, કેરળા અને ખેજડા નો સારા પ્રમાણમાં હતા આ મહત્વના ચરિયાણ વિસ્તારમાંદબાણના કારણે બાલાસરના ઊંટના ચરિયાણ વિસ્તાર ઓછો થઇ ગયેલ છે.

### અન્ય સમસ્યાઓ:

બાલાસર વિસ્તારની સમસ્યાઓ.

વન વિભાગ દ્વારા નર્સરી તેમજ પ્લાન્ટેશન

બાલાસર વિસ્તારમાં વન વિભાગ દ્વારા કરવામાં આવતા પ્લાન્ટેશન તેમજ નર્સરીઓના કારણે ઊંટના ચરીયાણ વિસ્તારમાં પરિવર્તન આવેલ છે. પરંપરાગત ચરિયાણ વિસ્તાર એવોં નીલવા ડુંગર પર માલધારીઓ છેલ્લા બે વર્ષથી વનવિભાગ દ્વારા ત્યા પ્લાન્ટેશન થવાના કારણે ચરિયાણમાં બદલાવ કરેલ છે. ઉપરાંત એજ સમયે ખેતરોમાં વવાણીની શરૂઆંત હોવાથી માલધારીઓને ચરિયાણ વિસ્તારની અનેક સમસ્યાઓ રહે છે. જેના કારણે ચોમાસા દરમ્યાનના ચરીયાણ વિસ્તાર માં મોટુ પરિવર્તન આવેલ છે.

વન વિભાગ:

માલધારીઓ સાથે જુથ ચર્ચાઓ દરમ્યાન જાણવા મળેલ કે, વન વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્લાન્ટેશન તેમજ નર્સરીઓના કારણે ઊંટના ચરીયાણ વિસ્તાર પર ગંભીર અસર પડેલ છે નર્સરીઓ આવવાના કારણે પાણીના મુખ્ય સ્ત્રોતએવી નાની તળાવો તરફ જવાના રસ્તામાં વાવેતરના કારણે ઉપરવાસના સારા ચરિયાણમાં જવાનુંપ્રતિબંધ હોવાના કારણે ચરીયાણ વિસ્તાર પર ગંભીર અસરો પડી છે.

ખેતીની જમીન માં મીઠીજાર તેમજ અન્ય જાડીનો કપાણ:

આ વિસ્તારના ઊંટોનું મુખ્ય ચરિયાણ ખેતીવાડીના શેઠાઓ છે, જેમાં મીઠીજાર, દેશીબાવળ, ખેજડાઓ વગેરે સારા પ્રમાણ હોય છે. ખેડુતો દ્વારા જમીન વધારાવાના ઉદેશ્યથી કાપવામાં આવી રહયા છે. આ બાબતને ઊંટ માલધારીઓ એક મોટી સમસ્યા માની રહયા છે.





## ૨.૫.૨ કાનમેર વિસ્તારમાં ચરિયાણની મુખ્ય અડચણો

ગાડા બાવડનો ઉપદ્રવ

કાનમેર કલસ્ટરમાં આશરે ૪૭૦થી વધારે ઊંટોનો ચરીયાણ વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાંગોણસીમ અને બજારીયો ડુંગરએ મહત્વની સીમ વિસ્તાર છે. આ વિસ્તારમાં ગાડા બાવળનો પ્રમાણ મોટા પ્રમાણમાં વધી રહયું છે. માલધારીઓના જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં આજથી ૧૫ વર્ષ પહેલા સારા પ્રમાણમાં બોરડી, ગુંગળ, મીઠીજાર, કુંભટ અને સંગેતરો વગેરે પ્રકારના મીઠા વૃક્ષો હતા. આજે આ વિસ્તારમાં મીઠા વૃક્ષોનો પ્લાન્ટેશન કરવામાં આવેતો આ સીમ ઊંટો માટે ઉત્તમ માનવામાં છે. ઊંટો ઉપરાંત આ સીમમાં ગાયો, ભેસો અને ઘેટા-બકરાના માલધારીઓ પણ આ વિસ્તારમાં પશુ ચરિયાણ માટે લઇ આવે છે.



### ખેતીવાડી નો દબાણ

આ વિસ્તારના માલધારીઓના જણાવ્યા પ્રમાણે, પડતર અને ગૌચર જમીન પર સ્થાનિક ખેતીવાડી ધરાવતા ખેડુતો તેમજ અન્ય લોકો દ્વારા કાનમેર અને કિડયાનગરની આજુબાજુના વિસ્તારમાં પડતર અને ગૌચર જમીનનો પર દબાણ થઈ રહયા છે, જેના કારણે ચરિયાણ વિસ્તારની જમીનમાં ઘટાડો થઇ રહયો છે.

### તળાવના પાણીનો સિંચાઇમાં ઉપયોગ.

આ કલસ્ટરમાં કુદરતીરિતે સંચવાતા પાણીને ઉપયોગ ખેડુતો મોટરના માધ્યમથી પાણી ખેચી ખેતીમાં ઉપયોગ કરે છે. જેમાં ગોણ તળાવએ ઊંટો માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત છે તેમાંથી પાણીનો સિંચાઇમાં ઉપયોગ કરવામં આવી રહયું છે, જેના કારણે ઉનાળામાં ઊંટો તેમજ અન્ય પશુ-પક્ષીઓને પીવાના પાણીની સમસ્યાઓ ઊભી થાય છે. એવું ઊંટ પાલકો દ્વારા જણાવવામાં આવ્યુ હતું.

કાનમેર વિસ્તારના માલધારીઓના જણાવ્યા પ્રમાણે શિયાળાનું મુખ્ય ચરિયાણ વિસ્તાર હાટબેટ પર વન વિભાગ દ્વારા પ્લાન્ટેશન કરવાના કારણે, ઊંટોના ચરિયાણ માટે મનાઈ કરવામાં આવે છે. માલધારીઓના જણાવ્યા પ્રમાણે શિયાળામાં આ બેટ પર સારા પ્રમાણમાં લાણો હોવાથી ત્યા જતા હોય છે, વન વિભાગ દ્વારા હાટબેટ પર ચરિયાણ કરવાની મનાઇ કરવામાં આવેલ હોવાના કારણે આ વિસ્તારમાં સમસ્યાઓ રહે છે.





### ૨.૪ પીવાના પાણીની લઇને

### ૨.૬.૧ બાલાસર કલસ્ટરમાં પીવાના પાણીને લઇને

બેલાસીમ, કાછલા, તેજડા અને તળાવમાં અવાડાની જરૂરીયાત છે. જયારે બાલાસરમાં પીરોધામ, ગોગામારાજ, પાવડીયારા અને બેટા તળાવ એ પાણીના મુખ્ય સ્ત્રોતો છે તો, આ તળાવોની પાણી ક્ષમતા વધે તે પ્રકારના કામો કરવામાં આવેતો ઊંટના પીવાના પાણીની સમસ્યાઓ નિવારી શકાય છે.

### ૨.૬.૨ કાનમેર કલસ્ટરમાં પીવાના પાણીને લઇને

કાનમેર વિસ્તારના ઊંટો મુખ્યત્વે ગોણવાળો તળાવ ના પાણીનો ઉપયોગ કરે છે. ઉપરાંત ખેતી વિસ્તારની ખેત તલાવડીઓ અને ગામતળાવો પર આધારિત હોય છે. ગોણ તળાવની ક્ષમતા વધારવામાં આવેતો ઉનાળામાં પાણીની સમસ્યાઓનું નિવારણ કરી શકાય છે.

રાપર કલસ્ટરના માલધારીઓ સાથે થયેલ જુથ ચર્ચાઓના આધારે જાણવા મળેલ કે, આ વિસ્તારના માલધારીઓના પીવાના પાણી માટે મુખ્યત્વે કુદરતી સ્ત્રોતો ઉપયોગ કરે છે. ઉનાળા દરમ્યાન ગામના અવાડાઓનું જરૂરીયાત પ્રમાણે ઉપયોગ કરે છે. આ વિસ્તારની અમુક સીમોમાં પ્લાનટેશન થાય તે અંગે પણ માલધારીઓની જરૂરીયાત જણાય છે.

### ૩.૧ રાપર કલસ્ટરના તમામ ઊંટો માટે પીવાના પાણીનું ભાવી આયોજન

રાપર કલસ્ટરના ઊંટ માલધારીઓ સાથે જુથ ચર્ચા અનુસાર એમના ચરીયાણ વિસ્તાર માંપાણીની વ્યવસ્થા કરવાની જરૂરીયાત જણાય છે. મુખ્યત્વે ઉનાળામાંજ પીવાના પાણીની સમસ્યાઓ રહે છે, જેમાં બાલાસર અને કાનમેર બન્ને વિસ્તારમાં તળાવોની ક્ષમતા વધારવાની કામગીરી કરવાની જરૂર જણાય છે. જેનાથી ઉનાળા દરમ્યાન ઊંટોને પાણીની સમસ્યાઓ નિવારી શકાય છે.

### ૩.૨ બાલાસર વિસ્તારના તમામ ઊંટો માટે પીવાના પાણીનું ભાવી આયોજન

માલધારીઓ સાથે થયેલ જુથ ચર્ચાઓ અને વ્યકિતગત મુલાકાતોના આધારે જાણવા મળેલ કે, બાલાસર વિસ્તારમાં ઉનાળા દરમ્યાન પીવાના પાણીની જરૂરીયાત જણાય છે. જેમાં મુખ્યત્વે તળાવોની ક્ષમતા વધારવી અને અવાડા બનાવવા માટે દરખાસ્ત બનાવવામાં આવશે.જે નીચે મુજબ છે.



બેલામાં નીચે મુજબ પાણીના સ્ત્રોતો માટેની જરૂરીયાત જણાય છે.

૧. બેલાસીમ માં અવાડા ની જરૂરીયાત છે.

૨. ભગડી તલાવડીની ક્ષમતા વધારવાની જરૂરીયાત જણાય છે.

બાલાસરમાં નીચે મુજબ તળાવનો ક્ષમતા વધારવાની જરૂરીયાત જણાય છે.

૧. બેટો તળાવ

૨. પાવડીયારા તળાવ

૩. ગોગા મહારાજ તળાવ

૪. પીરોધામ તળાવ





### ૩.૨.૧ બાલસર કલસ્ટરના તમામ ઊંટો માટે ચરિયાણ વિસ્તારનું ભાવી આયોજન.

બાલાસર ના મુખ્ય ચરીયાણ વિસ્તાર બાલાસર ની ખેતીવાડીવાળો વિસ્તાર મુખ્ય છે જેમાં બાલાસરની સીમ ગઢડા,લોદ્રાણી અને આથમણો રણ નો વિસ્તાર એ મુખ્ય ચરીયાણ છે. અહી બારોમાસ ચરીયાણ માટે ઉપયોગ કરે છે બે વર્ષ પહેલા નીલવા ડુંગર પર ચરિયાણ માટે જતા હતા. પણ, હાલ વન વિભાગ દ્વારા પ્લાન્ટેશન થવાના કારણે ત્યા ચરીયાણ માટે જતા નથી. બાલાસર સીમમાંગુદી, કિન્દુરી, ગૌરડ, હરમા,ગુગીરણી, ખારાજાર, મીઠીજાર, કેરળા અને ખેજડા નો પ્લાન્ટેશન થઇ શકે છે. જે ભવિષ્યમાં કામ આવી શકે છે.

## 3.3 કાનમેર  કલસ્ટરના તમામ ઊંટો માટે પીવાના પાણીનું ભાવી આયોજન

કાનમેર વિસ્તારમાં ગોણ તળાવની ક્ષમતા વધારવાની કામગીરી થઇ શકે છે. તેમજ ગોંણવાંઢ વિસ્તારમાં પાણીના અવાડાની જરૂરીયાત જણાય છે. આવાડાની કામગીરી કરવામાં આવેતો ઉનાળામાં પાણીની સમસ્યાઓનો નિરાકરણ થઇ શકે એમ માલધારીઓ જણાવે છે.

### 3.3.૧ કાનમેર વિસ્તારના  તમામ ઊંટો માટે ચરિયાણ વિસ્તારનું ભાવી આયોજન

કાનમેર વિસ્તારના માલધારીઓના જણાવ્યા પ્રમાણે, ગોણસીમએ મુખ્ય ચરિયાણ વિસ્તાર છે. જેમાં ગાડાબાવળનો પ્રમાણ વધી રહયું છે. આ સીમમાંગુદી, કિન્દુરી, ગૌરડ, હરમા, ગુગીરણી, ખારાજાર, મીઠીજાર, કેરળા, ખેજડા અને કમુવારીની ખારીમાં ખારીજારનો પ્લાન્ટેશન કરવામાં આવેતો ઊંટ માટે ઉપયોગી થઇ શકે છે.

રાપર કલસ્ટરમાં જુદા-જુદા વવાવેતર માટેના ઝાંડ અને ઝાંડવાઓ

| ક્રમ | સીમનુ નામ | ગામ | ચરીયાણ | પ્લાન્ટેશન થઇ શકે |
|---|---|---|---|---|
| ૧ | કમુવારી ખારી | પલાસવા | ખારીજાર-ઉઇસ | ખારી જાર |
| ૨ | ગોવા ડુંગર | કાનમેર | સગેતરો, બોરડી, ગુગડ, જારમીઠી, વ્રિકો  વગેરે | સગેતરો, બોરડી, ગુગડ, જારમીઠ |
| ૩ | બજારીયો ડુંગર | કિડયાનગર | કિદુરો, બોરડી, કુંભટ વગેર | કિદુરો, બોરડી, કુંભટ |
| ૪ | થાણાવારી ધાર | કિડયાનગર | કિદુરો, બોરડી, કુંભટ વગેર | કિદુરો, બોરડી, કુંભટ |



## પરિશિષ્ટ ૧: બાલાસર  કલસ્ટરના ઊંટ ની સંખ્યા અને ચરિયાણની માહિતી

| ક્રમ | માલધારીનુંનામ | ગામ | ઊંટની સંખ્યા | શિયાળો | ઉનાળો | ચોમાસો |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેપા પબા રબારી | નાગપુર | ૭૦ | નાગપુર | નાગપુર, બેલા | બેલા, નાગપુર |
| ૨ | મેપા પબા રબારી | રતનપર | ૬૦ | બાલાસર,બેલા, વ્રજવાણી, હનુમાનવાંઢ, લોદ્રાણી | બાલાસર,બેલા, વ્રજવાણી, હનુમાનવાંઢ, લોદ્રાણી | ખડીર ડુંગર, છપ્પરીયા ડુંગર, જનાણનો ડુંગર, ધોળાવીરા ડુંગર,અમરાપર અને જાટાવાડા |
| ૩ | મેઘરાજ રણધીર રબારી | બાલાસર | ૭૦ | | | |
| ૪ | કાથણ જીવા રબારી | જાટાવાડા | ૩૫ | | | |
| ૫ | માડણભાઇ રબારી | વ્રજવાની | ૩૫ | | | |
| ૬ | કુવારા સામા રબારી | હનુમાનવાંઢ | ૩૫ | | | |
| ૭ | દલા સામા રબારી | હનુમાનવાંઢ | ૩૫ | | | |
| ૮ | ડાહ્યા કાથડ રબારી | મોવાણા | ૫ | | | |
| ૯ | પરવત રબારી | મોવાણા | ૧૫ | | | |
| ૧૦ | બુળાભાઇ પાંચાભાઇ રબારી | બેલા | ૫૦ | | | |
| ૧૧ | દાના વીશા રબારી | કાનમેર | ૨૦ | કાનમેર, સુવઇ, પાલાસવા, કથકોટ, ચોબારી, | કાનમેર, સુવઇ, પાલાસવા, કથકોટ, ચોબાર | કાનમેર, સુવઇ, પાલાસવા, કથકોટ, ચોબાર |
| ૧૨ | નોધાભાઇ રબારી | કાનમેર | ૧૦૦ | | | |
| ૧૩ | બીજલભાઇ રબારી | કાનમેર | ૫૦ | | | |
| ૧૪ | જગાભાઇ રબારી | કાનમેર | ૫૦ | | | |
| ૧૫ | નીલા ચના રબારી | કિડયાનગર | ૧૦૦ | | | |
| ૧૬ | રાયમલ રબારી | કિડયાનગર | ૫૦ | | | |
| ૧૭ | દાના ચના રબારી | કિડયાનગર | ૫૦ | | | |
| ૧૮ | રાયમલ હિરા રબારી | કિથકોટ | ૫૦ | | | |
| | | | ૮૮૦ | | | |